# આપણા ગુજરાત ના અભ્યારણો

❖ **<u>ગિર સિંહનું અભયારણ્ય</u>**



સ્થળ : જૂનાગઢ જિલ્લો. જૂનાગઢથી 64 કિ. મી. અને
વેરાવળથી 32 કિ. મી.
વિસ્તાર : 1412 ચોરસ કિ. મી.
વન્ય પ્રાણીસૃષ્ટિ : સિંહ, દીપડા, કાળિયાર, ચોશિંગા, હરણ,
સાબર, જંગલી
ભૂડં, મગર તથા વિવિધ પ્રકારના પક્ષીઓ.
સુવિધા : અભયારણ્યમાં ફરવા માટે વાહનો ભાડે મળે છે. ગાઈડ તથા પુસ્તકાલય
છે. વન્ય પ્રાણીને લગતી ફિલ્મો અને સ્લાઈડ શૉ ગોઠવવામાં આવે છે. શ્રેષ્ઠ સમય :
જાન્યુઆરીથી મે મહિનો.
રેલવે મથક : વેરાવળ-સાસણગીર.

❖ **<u>બરડા : સિંહ અભયારણ્ય</u>**



સ્થળ : જૂનાગઢ જિલ્લો. પોરબંદરથી લગભગ 14 કિ. મી.
ના અંતરે છે.
વિસ્તાર : 192 ચોરસ કિ. મી.
વન્ય સૃષ્ટિ : જંગલી ભૂંડ, દીપડો, ચિત્તલ, સાંભર, નીલગાય,
વાંદરા.
શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી માર્ચ.
રેલ્વે મથક : રાણાવાવ-પોરબંદર

## ❖ સામુદ્રિક ઉદ્યાન /અભયારણ્ય



સ્થળ : જામનગર જિલ્લો, કચ્છના અખાતમાં જોડિયાથી ઓખા સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં.

વિસ્તાર : 163 ચોરસ કિ. મી. માં રાષ્ટ્રીય ઉદ્યાન, 458 ચોરસ કિ. મી.માં અભયારણ્ય.

વન્ય પ્રાણીસૃષ્ટિ : વિવિધ પ્રકારના પરવાળાના ટાપુઓ, કાળા કોર્નલિયા નામના જળચળ જીવ વસે છે. ડોલ્ફિન માછલીનું કુદરતી આશ્રયસ્થાન. વિવિધ જળપંખી જોવા મળે છે.

સુવિધા : વનવિભાગ તરફથી પરવાળાના ટાપુઓ જોવા માટે યાત્રિંક બોટ.

શ્રેષ્ઠ સમય : ડિસેમ્બરથી મે મહિનો

રેલવે મથક : જામનગર.

## ❖ વેળાવદર : કાળિયાર અભયારણ્ય



સ્થળ : ભાવનગર જિલ્લો. ભાવનગરથી 65 કિ. મી.ના અંતરે વલભીપુરના રસ્તે અમદાવાદ-ભાવનગરની વચ્ચે.

વિસ્તાર : 18 ચોરસ કિ. મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : કાળિયાર, વરૂ.

સુવિધા : ભાવનગર ખાતેનું અતિથિગૃહ ઉપરાંત પ્રવાસીઓ માટે વેળાવદર ખાતે વનવિભાગની એક લોંગ હટ છે. જમવાની પણ સગવડ છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી મે મહિનો.

રેલવે મથક : ભાવનગર.

## ❖ નળસરોવર પક્ષી અભયારણ્ય



સ્થળ : સુરેન્દ્રનગર જિલ્લો, અમદાવાદ-સુરેન્દ્રનગરના રસ્તે સાણંદ પાસે 35 કિ. મી.

વિસ્તાર : 115 ચોરસ કિ. મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : યાયાવર જળચર પક્ષીઓ જેવાં કે વિવિધ પ્રકારનાં બગલાંઓ, બતકો, સ્પુનબીલ, બાજ અને સ્થળાંતરી પક્ષીઓની અનેક જાતો.

સુવિધા : પક્ષીનિરીક્ષણ માટે સરોવરમાં જવા નાની હોડીઓ. બાયનોક્યુલર પણ ભાડે મળી શકે છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી ફેબ્રુઆરી.

રેલવે મથક : સાણંદ.

❖ **ઘુડખર અભયારણ્ય**



સ્થળ : સુરેન્દ્રનગર/કચ્છ જિલ્લો, સુરેન્દ્રનગરથી 65 કિ. મી. હળવદ તરફ કચ્છના નાના રણમાં

વિસ્તાર : 4953 ચોરસ કિ. મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : જંગલી ગધેડા, દીપડા, કાળિયાર, વરૂ, નીલગાય, શિયાળ, જંગલી ડુક્કર તથા પક્ષીઓ.

સુવિધા : ધ્રાંગધ્રામાં સરકારી વિશ્રામગૃહો છે.

શ્રેષ્ઠ સમય : ફેબ્રુઆરીથી મે મહિનો.

રેલવે મથક : હળવદ

❖ **હિંગોલગઢ : પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય**



સ્થળ : રાજકોટ જિલ્લો.

જસદણથી 10 કિ. મી. ના અંતરે છે.

વિસ્તાર :7 ચોરસ કિ. મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : નીલગાય, છીંકારાં, સ્થળાંતરી પક્ષીઓ જેવાં કે હંજ, ફ્લેમિંગો વગેરે.

સુવિધા : જસદણમાં સરકારી ગેસ્ટ હાઉસ.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી માર્ચ.

રેલવે મથક : રાજકોટ-જસદણ.

❖ **વાંસદા : રાષ્ટ્રીય ઉદ્યાન**

સ્થળ : વલસાડ જિલ્લો, બીલીમોરાથી 40 કિ. મી. ના વિસ્તારમાં.

વિસ્તાર : 7 ચોરસ કિ. મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : વાઘ, દીપડો, જંગલી ભૂંડ, ઝરખ, સાબર, ચોશિંગા વગેરે.

સુવિધા : જાહેર બાંધકામ ખાતા અને પંચાયતનાં વિશ્રામગૃહો પણ છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી ફેબ્રુઆરી.

રેલવે મથક : બીલીમોરા.